## –: આંક–૧ લગત હુકમ :–

**૧.** આજ રોજ કેસ રૅકર્ડને ધ્યાને લેતાં, સદર કામે આરોપી આરોપી વિરૂધ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવા માં આવેલ જે અન્વયે આરોપી બાબત નો સમન્સ નો શેરો ધ્યાને લેતા આરોપી પોલીસ મશીનરી ને મળી આવેલ નથી તેમ જણાવવામાં આવેલ છે

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઑથૉરીટીએ પરિપત્ર દ્વારા સ્પેશિયલ સીટીગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે. આ તબકકે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ–૨૫૮ વંચાણે લેવી જરૂરી છે. જે વંચાણે લીધી.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયનાં કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

**૪.** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨ (ઘ) પરથી શરૂ થયેલ નથી. આ કામેનું રેકર્ડ જોતાં, આરોપી નજીકનાં ભવિષ્યમાં મળી આવે, તેવી શકયતા જણાતી ના હોઈ, તે જોતાં હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયનાં હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### –: હુ ક મ :–

૧. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, હાલ ના આરોપી બાબત માં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ આ તબકકે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ બાબતે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય, તો બિનકીમતી મુદામાલ નો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ મેજિસ્ટ્રેટ તરીકે ની સ્પેશ્યલ સીટીગ માં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

**તા.૧૩/૭/૨૦૧૯**

**મુ. અમદાવાદ.**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

-